| | |
|---|---|
| ૧૬. શિક્ષકો વચ્ચે અંદરો અંદર ઇર્ષા,વૈરભાવ | ૨૧. કુનેહપૂર્વકની વાતચીત,પરિસ્થિતિની ગંભીરતા સમજવાની કળાનો અભાવ. |
| ૧૭. રજૂઆત કરવાની અસમર્થતા અને ત્યારબાદ ગેરવર્તણૂંક | |
| ૧૮. શિક્ષણ સિવાયના કામોને પ્રધાનતા | ૨૨. સમગ્ર તંત્રને સમજવાની લાયકાતનો અભાવ વગેરે પ્રકારના કારણોથી શિક્ષકોમાં અશિસ્તતા જેવું નોંધાયું. |
| ૧૯. વાંચન ક્રિયા નહિવત થવાથી વૈચારિક શકિત કુંઠિત થઇ જવી. | ૨૩. Groupism |
| ૨૦. પોતાની ભૂલો વિદ્યાર્થીઓ ન જણાવે તેથી તેમને છાવરવા | |

● **વિદ્યાર્થીઓ માટે :**

| | |
|---|---|
| ૧. શિક્ષણ પ્રત્યે અરૂચિ | ૧૨. શિસ્તભર્યા મોડેલનો અભાવ |
| ૨. માતા -પિતા,ભાઇ -બહેનો સાથે પરિવારમાં વિસંવાદિતા | ૧૩. શારિરીક માનસિક તણાવ |
| ૩. માતા -પિતા વચ્ચે કલહ | ૧૪. શિક્ષકનો કન્ટ્રોલ ન હોવાથી વર્ગખંડમાં ઉદ્દ્ભવતી ગેરવ્યવસ્થા |
| ૪. સાથી મિત્રોનું આકર્ષણ અને દબાણ | |
| ૫. ટેકનોલોજીનો અતિશય ઉપયોગ | ૧૫. પરીક્ષા પ્રણાલી પર વધુ પડતો ભાર |
| ૬. સોશ્યલ મિડિયાનો અતિરેક | ૧૬. શિક્ષક વિદ્યાર્થી સંબંધમાં અંતર |
| ૭. રોલમોડેલની પસંદગીમાં આવેલો ફેરફાર | ૧૭. સંસ્કૃતિ અને મૂલ્યોમાં ફેરફાર |
| ૮. હોર્મોનલ ગ્રોથને કારણે (ટીનએજ) ને કારણે ઉદ્દ્ભવતા શારિરીક ફેરફારો | ૧૮. પ્રેરણા અને રૂચિમાં ઘટાડો |
| | ૧૯. સામાજિક માધ્યમનો પ્રભાવ |
| ૯. સાચી સમજનો અભાવ | ૨૦. શિક્ષણ વ્યવસ્થામાં અયોગ્યતા |
| ૧૦. માતા-પિતાના બદલાયેલા માપદંડો (ડર) | ૨૧. પેરેન્ટિંગ સ્ટાઇલમાં ફેરફાર |
| ૧૧. ધ્યેયનો અભાવ | ૨૨. વિસંગતિ પૂર્ણ નિતિ – નિયમો |

**૧૨. અવલોકન : GENZ સાથે કામ કરવા માટે શિક્ષકોએ કરવાના ફેરફાર :**

વિદ્યાર્થીઓ કુમળા છોડ જેવા છે પરંતુ સમગ્ર વાતાવરણના કારણે તેમની સમજમાં મોટો ફેરફાર આવી રહયો છે.જો શિક્ષક શિસ્તમાં રહી વિદ્યાર્થી સાથે કુનેહપૂર્વક કામ કરે તો તેના પ્રશ્નોનું, મૂંઝવણોનું નિવારણ કરી શકાય છે. તેની શિક્ષણમાં રૂચિ વધારી શકાય,અને શાળા પરિસરમાં શિસ્ત સ્થાપવામાં સરળતા થઇ જાય.

૧. **વિદ્યાર્થીઓ સાથે મિત્રતાપૂર્ણ સંબંધ :** વિદ્યાર્થીઓ સાથે મૈત્રી પૂર્ણ વાતચીત કરવી જેથી ભય વગર તેમની મૂંઝવણોના માર્ગદર્શન માટે તેઓ શિક્ષકને પ્રશ્નો પૂછી શકે.

૨. **સરળ અને નિયમિત શિક્ષણકાર્ય :** વિષયવસ્તુને વધુમાં વધુ સરળ બનાવવા માટે શિક્ષકે લેશન કરવું તથા એકધારાપણાથી નિયમિત શિક્ષણકાર્ય કરાવવું જેથી વિદ્યાર્થીઓ વિષયવસ્તુને સમજી શકે અને તેમની શિક્ષણ પ્રત્યે રૂચિ વધે.

૩. **વર્ગખંડમાં શિક્ષકનું સકારાત્મક વર્તન :** વિદ્યાર્થીઓના પ્રત્યેક પ્રશ્નો માટે સકારાત્મક બની ઉગ્ર થયા વગર કાર્ય કરવાની ક્ષમતા શિક્ષકે કેળવવી પડે. આગલી પેઢીને કેળવવા માટે ધીરજ અને સહનશકિતની શિક્ષકોને વધુ જરૂર પડવાનીછે.

૪. **વિદ્યાર્થીને જવાબદારી સોંપવી :** "મારી શાળા" તરીકેની વિદ્યાર્થીઓની વિભાવના વધુ દ્રઢ થાય તે માટે નાના કાર્યો અથવા ગ્રૂપની જવાબદારી આપી વિદ્યાર્થીને દ્રઢતા, મજબૂતી અને નેતૃત્વનો ગુણ કેળવવામાં સહાયભૂત થવું.

૫. **વર્ગખંડમાં શ્રેષ્ઠ વાતાવરણની રચના :** વર્ગનું વાતાવરણ સુરક્ષિત, પ્રેમપૂર્ણ અને પ્રેરણાદાયી રાખવું જેથી વિદ્યાર્થીઓ સ્વયંશિસ્તનું પાલન કરે.

૬. **સ્પષ્ટ નિયમો નકકી કરવા :** વર્ગખંડમાં સ્પષ્ટ દિશાસૂચન વર્ગશિક્ષકોએ કરવું જેથી બાળકોએ શું કરવું, શું ન કરવું તે સ્પષ્ટ સમજાય. ભેદભાવ વગર તમામ વિદ્યાર્થીઓ નિયમોનું સમાન રીતે પાલન કરે તે સુનિશ્ચિત કરવું.

૭. **સકારાત્મક પ્રોત્સાહન આપવું :** સારું વર્તન કરવા માટે વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવા તથા સારી વર્તણૂંક વાળા વિદ્યાર્થીઓને શાબાશી આપી પ્રોત્સાહિત કરવા.

૮. **શાંતિપૂર્ણ વાતચીત :** વિદ્યાર્થીઓના પ્રશ્નોને શાંતિપૂર્ણ રીતે સમજવાનો પ્રયત્ન કરવો અને સમજદારીપૂર્વક વાતચીત કરવી. કોઇ નિયમનું ઉલ્લંઘન કરે ત્યારે વિદ્યાર્થીના દ્રષ્ટિકોણને સાંભળી તેના પર પગલાં લેવા.